India Media Monitor

# Gujarat Niti

## I Support \'save the docter\' movement to equalise ug and pg medical seats

Date: 01/08/2013 | Edition: Ahmedabad | Page: 2 | Source: Bureau | Clip size (cm): W: 10 H: 30

Clip: 1 of 1

### આઈએમએ અને એએચપીઆઈનો

# યુજી અને પીજી મેડિકલ બેઠકોને સમાન બનાવવા ‘સેવ ધ ડૉક્ટર’ અભિયાનને ટેકો

સમગ્ર દેશના મેડિકલ વિદ્યાર્થીઓના પ્રતિનિધિઓ સાથે ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (આઈએમએ) અને એસોસિએશન ઓફ હેલ્થકેર પ્રોવાઈડર્સ ઈન્ડિયા (એએચપીઆઈ)એ આજે અન્ડર ગ્રેજ્યુએટ (યુજી) અને પોસ્ટ ગ્રેજ્યુએશન (પીજી) મેડિકલ બેઠકો સમાન બનાવવા રાષ્ટ્રવ્યાપી ચળવળ ‘સેવ ધ ડૉક્ટર’ની જાહેરાત કરી છે. આ વ્યાપક ચળવળનો આશય દેશમાં પૉલીસી મેકર્સ અને સંસ્થાઓ પર પ્રભાવ પાડવાનો છે. મેડિકલ વિદ્યાર્થીઓ ગ્રામ્ય પોસ્ટિંગનો અમલ ઈન્ટર્નશિપ અને પોસ્ટગ્રેજ્યુએટ ટ્રેઈનિંગના ભાગરૂપે થાય તેમ ઈચ્છે છે. સમગ્ર દેશમાં બેથી ત્રણ લાખથી વધુ વિદ્યાર્થીઓ આ ચળવળને ટેકો આપશે તેવી તેમને અપેક્ષા છે.

ગાયનેકોલોજીસ્ટ્સ, ન્યુરોલોજિસ્ટ્સ, સર્જન્સ, રેડિયોલોજીસ્ટ્સ જેવા ક્ષેત્રોમાં નિષ્ણાત બનવા એક ડૉક્ટર માટે મેડિસિનની કોઈપણ શાખામાં પોસ્ટ ગ્રેજ્યુએશન આવશ્કય છે. આજે તબીબી સંસ્થાઓમાં પીજી બેઠકોની સંખ્યા (સુસંગત/ ઈચ્છિત) ઓછી હોવાને કારણે ભારતમાં નિષ્ણાત ડૉક્ટર્સની તીવ્ર અછત છે. ભારતમાં સૌથી વધુ સંખ્યામાં તબીબી સંસ્થાઓ હોવા છતાં ફરજિયાત ગ્રામ્ય પોસ્ટિંગ સાથે પીજી અને યુજી વિદ્યાર્થીઓને ફાળવવામાં આવતી બેઠકની સંખ્યામાં વિસંગતતાની યુવાન ડૉક્ટર્સ પર ગંભીર અસર પડે છે અને તેમણે ૧૩ વર્ષ જેટલો સમય માત્ર અભ્યાસમાં જ વિતાવવો પડે છે. તેનો અર્થ એ છે કે આ જ પરિસ્થિતિ ચાલુ રહેશે તો આપણી આરોગ્ય સિસ્ટમનું ભાવી જોખમી છે, કારણ કે નજીકના ભવિષ્યમાં જ સિનિયર ડૉક્ટર્સ / સર્જન્સ નિવૃત્ત થઈ રહ્યા છે. પરિમામે ભારતમાં સ્પેશિયાલિસ્ટ ડૉક્ટર્સ અને સર્જન્સનો દુકાળ સર્જાશે.

એમસીઆઈ દ્વારા લેવાયેલા હકારાત્મક પગલાંને કારણે અંદાજે ૪૫,૬૦૦ યુજી બેઠકો નજીકના સમયમાં ૫૦,૦૦૦ સુધી પહોંચવાની શક્યતા છે. જ્યારે પીજી સીટ્સ માત્ર ૧૨,૦૦૦ છે, જે મોટાભાગના ડૉક્ટર્સની સૌથી વધુ પસંદ છે. ભારતની સરખામણીમાં અમેરિકા જેવા વિકસિત દેશમાં ૧૯,૦૦૦ યુજી સીટ્સ અને ૩૨,૦૦૦ પીજી અને ફેલોશીપ બેઠકો છે. ૮૦થી ૯૦ ટકાના પાસિંગ દરે દર વર્ષે અંદાજે ૪૦,૦૦૦ ડૉક્ટર્સ ગ્રેજ્યુએટ થાય છે અને તેમની બેચના સાથીઓ અને એક લાખથી વધુ સિનિયર્સ સાથે ૧૨,૦૦૦ બેઠકો માટે સ્પર્ધા કરે છે. નીટ હેઠળ છેલ્લી પીજી એન્ટ્રન્સ એક્ઝામમાં ૧,૧૦,૦૦૦થી વધુ ડૉક્ટર્સે ૧૨,૦૦૦ બેઠકો માટેની ટેસ્ટમાં હાજરી આપી હતી. આ બધાની સાથે એક વર્ષના ફરજિયાત ગ્રામીણ પોસ્ટિંગે સ્થિતિ વધુ ખરાબ કરી છે.

આ બાબતની પુષ્ટી કરતાં વર્લ્ડ હેલ્થ સ્ટેટિસ્ટિક્સે નોંધ્યું છે કે ભારતમાં ૧,૦૦૦ની વસતીએ ૦.૯ બેડ્સ છે, જે ૨.૯ બેડ્સની વૈશ્વિક સરેરાશની સરખામણીમાં ઘણી ઓછી છે.

લાખો ગર્ભવતી મહિલાઓ ડિલિવરી દરમિયાન મૃત્યુ પામે છે આ બાબત જ ભારતીય આરોગ્ય સુવિધાની સ્થિતિનું સૌથી ખરાબ ઉદાહરણ પૂરું પાડે છે અને દર્શાવે છે કે પીજી બેઠકોની અછત કેટલા કિંમતી જીવોનો ભોગ લે છે. ભારતમાં પ્રત્યેક વર્ષે ૨.૮ કરોડ બાળકોનો જન્મ થાય છે, જેનો અર્થ એ છે કે ૨.૮ કરોડ ડિલિવરીઝની જરૂર પડે છે. દેશમાં આટલી મોટી સંખ્યામાં ડિલિવરી કરાવવા ખૂબ જ મોટી સંખ્યામાં ગાયનેકોલોજીસ્ટની જરૂર પડે છે. પરંતુ કમનસીબે દેશમાં માત્ર ૪૦,૦૦૦ ગાયનેકોલોજીસ્ટ્સ જ પ્રેક્ટિસ કરે છે અને તેમાંના મોટાભાગના શહેરોમાં છે. આપણી સરકાર ગર્ભવતી માતાઓનો મૃત્યુ દર ઘટાડવા માટે લાખો રૂપિયાનો ખર્ચ કરે છે, પરંતુ તેને વિશેષ સફળતા મળી નથી. લોકો અને પૉલીસી મેકર્સ એ બાબત સમજવામાં નિષ્ફળ ગયા છે કે યુવાન ગર્ભવતી મહિલા રૂપિયાની અછતના કારણે નહીં, પરંતુ માતા અને બાળકીની સારવાર લેવા માટે ગુણવત્તાયુક્ત ગાયનેકોલોજીસ્ટ્સ અને નીઓનેટોલોજીસ્ટ્સના અભાવને કારણે મૃત્યુ પામી રહી છે.